# શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન, મુંબઈ

**PUBLIC TRUST REG. NO. A -1793 (MUM.) DT. 19-06-1953**

કાર્યાલય: ૨૨૬ / ૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર જૈન દેરાસર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.
ફોન: ૨૩૪૭ ૫૧૩૩ / ૨૩૪૫ ૫૪૬૪

## શ્રી ક.વિ.ઓ. દેરાવાસી જૈન મહાજનવાડી (ચીંચબંદર) અતિથિગૃહ અરજી પત્રક

મંત્રીશ્રી,

ઉપરોક્ત સંસ્થાના ચીંચબંદર સ્થિત અતિથિગૃહમાં તેના નિયમોનુસાર રહેવા આપવાની વ્યવસ્થા માટે આ સાથે અરજીપત્રક યોગ્ય રીતે ભરીને આપું છું, તે સ્વીકારી મંજુર કરવા વિનંતી. નિયમપત્રકના નિયમો મેં વાંચ્યા છે અને તે મને બંધનકર્તા છે.

_______________________
લી.

અરજી ક્રમાંક ____________________ તારીખ ________________

નામ : ____________________________________________

(અટક સહિત ત્રણ પેઢી)

ગામ : ______________________________ ઉંમર : ____________

હાલમાં રહેઠાણનું સરનામું : ____________________________________________

____________________________________________

____________________________________________

અતિથિગૃહમાં રહેવાનું કારણ : ____________________________________________

____________________________________________

કયારથી રૂમ જોઈએ છે ? ________________ કયાં સુધી રૂમ જોઈએ છે ? ________________

કેટલા જણ રૂમમાં રહેવા ઈચ્છો છો ? સીંગલ રૂમ જોઈએ છે કે ડબલ રૂમ

૧ ____________________ ૪ ____________________

૨ ____________________ ૫ ____________________

૩ ____________________ ૬ ____________________

અગાઉ અતિથિગૃહનો લાભ લીધો છે ? લીધો છે તો કયારે ? ____________________

____________________________________________

તા.ક. : અતિથિગૃહમાં રહેવા આવનારે સંસ્થાના નક્કી થયેલા નિતિ નિયમો તથા કાયદાઓનું પાલન કરવાનું રહેશે.

---

અમો અરજદારશ્રી ____________________________________________ ને

ઓળખીએ છીએ તેમણે આ અરજીમાં જે વિગત લખી છે તે સઘળી અમારી જાણ પ્રમાણે સાચી છે. રૂમની મુદત પુરી થયેથી રૂમ ખાલી કરી આપશે તેની ખાત્રી અમો આપીએ છીએ.

| અરજદારના ગામના ટ્રસ્ટી / અધિકારીની ભલામણ | શ્રી કચ્છી વિશા ઓશવાળ દેરાવાસી જૈન મહાજનના કારોબારી સમિતિના કોઈપણ સભ્યની સહી |
|---|---|
| નામ ____________________ | નામ ____________________ |
| સહી ____________________ | સહી ____________________ |

# શ્રી કચ્છી વિસા ઓસવાળ દેરાવાસી જૈન મહાજન, મુંબઈ

**PUBLIC TRUST REG. NO. A -1793 (MUM.) DT. 19-06-1953**

**કાર્યાલય: ૨૨૬ / ૨૩૨, નરશી નાથા સ્ટ્રીટ, ભાતબજાર જૈન દેરાસર, મુંબઈ - ૪૦૦ ૦૦૯.**

## અતિથિગૃહમાં રહેવા આવનારે પાળવાના નિયમો

૧) અતિથિગૃહમાં રહેવાનો લાભ શ્રી કચ્છી વિસા ઓશવાળ જૈન જ્ઞાતિજનોને જ મળી શકશે.

૨) અતિથિગૃહમાં રહેવા ઈચ્છનારે નિયત કરેલાં ફોર્મમાં અરજી મહાજનશ્રીની ઓફીસે આપવાની રહેશે. અરજીપત્રક સંપૂર્ણ નિયમાનુસાર ભરેલું હોવું જરૂરી છે.

૩) અરજદારની રૂમ મંજુર થતાં તેણે ડિપોઝીટના નક્કી થયેલ રૂપિયા સંસ્થાની ઓફિસે ભરી રજા ચિઠ્ઠી મેળવી લેવી જરૂરી રહેશે.

૪) ડીપોઝીટની રકમ માસ પૂરો થતાં નિયમ મુજબ વપરાશ ચાર્જનો હિસાબ કરી બાકીની રકમ પરત કરવામાં આવશે.

૫) વીજળી ચાર્જ તેમજ રાંધણ ગેસનો ચાર્જ નિયમ મુજબ આપવાનો રહેશે.

૬) જે તારીખથી રૂમ એલોટ થયેલ હોય તે તારીખથી ૭ દિવસની અંદર જગ્યાનો કબજો લેવામાં અરજદાર નિષ્ફળ થશે તો જગ્યા જોઈતી નથી એમ સમજવામાં આવશે અને બીજા અરજદારને લાભ આપવામાં આવશે અને પહેલા અરજદારની ડિપોઝીટમાંથી ૨૫ ટકા રકમ કાપી લેવામાં આવશે.

૭) કોઈપણ રૂમ એક મહિના માટે જ એલોટ કરવામાં આવશે. પરંતુ બીજાઓની માંગણીની નજરે અને વાપરવાની જરૂરીયાતની નજરે મંત્રીઓ વધુ એક મહિના માટે મંજુર કરી શકશે.

૮) અરજીમાં દર્શાવેલી વ્યક્તિઓ સિવાયના કોઈને એલોટ કરેલી જગ્યાનો ઉપયોગ કરવા દેવમાં આવશે નહીં.

૯) મુદ્દત પૂરી થયાના દિવસે જ જગ્યા ખાલી કરીને આપવી પડશે. તેમ નહીં કરનારને ખાલી કરાવવમાં આવશે અને તેની ડીપોઝીટ પાછી આપવમાં આવશે નહીં.

૧૦) ભોંય પર કંતાન બિછાવ્યા વગર ગાદલાં પાથરવા નહીં તેમજ ઓછાડ વગર ગાદલા વાપરવા નહીં.

૧૧) નાના બાળકોને ગાદલા પર રબર રાખીને સુવરાવવા, જેથી ગાદલાં મળમૂત્રથી ખરાબ થાય નહીં, જો એ રીતે ગાદલાં ખરાબ થશે તો તેની ભરાઈ, ધોલાઈ અને સફાઈ વગેરેનો ચાર્જ લેવામાં આવશે.

૧૨) અતિથિગૃહની કોઈપણ ચીજવસ્તુ, ફર્નિચર, વાસણ વગેરે બહાર લઈ જવા દેવામાં આવશે નહીં. તેમજ રહેવા આવનારે લીસ્ટ મુજબ સામાન તપાસીને સહી કરીને લેવો અને રૂમનો કબજો પાછી આપતી વખતે એમાંથી કોઈ વસ્તુને નુકશાન થયું હશે કે ગુમ થઈ હશે તો તેનાં વળતર તરીકે નક્કી કર્યા મુજબની રકમ આપવાની રહેશે.

૧૩) અતિથિગૃહમાં રહેવા આવનારે પોતાને આપવામાં આવેલી જગ્યા સિવાય બીજા કોઈ જગ્યા કે ચાલીનો ઉપયોગ કરવો નહીં તેમજ ખીલા બેસાડીને અગર ખાંડવા-કુટવાનું કામ કરીને કે બીજી કોઈ રીતે નુકશાન કરવું નહીં.

૧૪) અતિથિગૃહમાં રહેનારે બહાર જતી વખતે રૂમ વ્યવસ્થિત બંધ કરી જવું. તેમજ લાઈટ, પંખા, પાણીના નળ વગેરે બરાબર બંધ કરી દેવા.

૧૫) અતિથિગૃહની ચાલી તથા બાથરૂમ, સંડાસ અને અન્ય સામુદાયિક ઉપયોગ માટેની જગ્યા પર ગંદકી કરવી નીીં. સઘળો કચરો ટોપલીમાં જ નાંખવો અને કોઈપણ પ્રસંગે ગેલેરીમાં કચરો નીચે નાખવો નહીં.

૧૬) અતિથિગૃહમાં કામ કરતા સ્ટાફના કોઈપણ માણસને કોઈપણ જાતની બક્ષિસ કે ભેટ આપવી નહીં તેમજ અંગત કામ તેમની પાસેથી કરાવવું નહીં.

૧૭) અતિથિગૃહનો મુખ્ય દરવાજો રાતના ૧૧.૦૦ વાગે બંધ કરવામાં આવશે.

૧૮) નક્કી કરેલા સામાન ઉપરાંત વધારાની ચીજ વસ્તુ સ્ટોકમાં હશે તો મુકરર કરેલા સમય દરમ્યાન તેનો અલગ ચાર્જ લઈને આપવામાં આવશે.

૧૯) આ નિયમોનો ભંગ કરનાર / કરાવનારને જગ્યા તુરંત જ ખાલી કરવાની ફરજ પાડવામાં આવશે અને ડિપોઝીટ જપ્ત કરવામાં આવશે. ઉપરાંત એવા વર્તનથી જે કાંઈ નુકશાન થયું હશે તે વસુલ કરવામાં આવશે.

૨૦) અતિથિગૃહના ફોર્મમાં જણાવેલા નિયમો ઉપરાંત અરજદારને સોંપવામાં આવેલા રૂમમાં સમાજ વિરોધી રાષ્ટ્રવિરોધી કોઈપણ પ્રવૃત્તિ ચલાવી લેવામાં આવશે નહીં.

૨૧) એક વખત રહી જનાર પોતે કે પોતાના કુટુંબમાંથી બીજા નામે બાર મહિનાની અંદર રહેવાની અરજી કરી શકશે નહીં અને તેમ કરવાની કે રહેવા આવનારની અરજીનો શરત ચુકથી ઓફીસ તરફથી સ્વીકાર થઈ ગયો હોય તો પણ અરજી કરનાર જ દોષિત ગણાશે અને ઘટતાં પગલાં લેવાશે.

૨૨) અરજદારને કોઈ બિમારીના કારણે રૂમ જોઈતી હોય તો માંદગીની વિગત, સારવાર ચાલુ હોય તે ડોક્ટરનું નામ, સરનામું તથા દરદી સાથે અરજદારનો સંબંધ વગેરે વિગત સાથે ડોક્ટરનું સર્ટીફીકેટ જોડવું આવશ્યક રહેશે.

૨૩) અતિથિગૃહની જે જગ્યામાં મને રહેવાની રજા મળશે તે જગ્યાના ભાડુત તરીકેના કે તેવા પ્રકરારના કશા હક્ક મને મળતા નથી એવી કબુલાત હું આથી આપું છું અને તેથી હું મારી સાથે જે રહેવા આવશે તે આપના ભાડુત છીએ એવો દાવો કરી શકશું નહીં, તેની હું ખાત્રી આપું છું.

અતિથિગૃહનો લાભ લેવા અંગેના નિયમો આ સાથે વાંચ્યા છે તેને આધીન રહીને આ અરજી કરૂં છું. આ નિયમો ઉપરાંત એ સંબંધમાં બીજા જે નિયમો નક્કી કરવામાં આવશે તે પાળવા હું તથા મારી વતી અથવા મારી સાથે રહેવા આવનાર સર્વે મંજુર રાખવા બંધાઈએ છીએ.

| | | |
|---|---|---|
| **તારીખ** | **રહેવા આવનારની સહી** | **અરજદારની સહી** |